# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-04-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-વાવ થરાદથી 19 હજાર 800 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુર્હત :

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વાવ થરાદ જિલ્લાના નાણી ખાતેથી 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ઉતર ગુજરાતનું ડીસા પશ્ચિમ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું સ્થાન છે.**

**શ્રી મોદીએ જણાવ્યું, પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે પણ ભારતે સ્થિતિ નિયંત્રણમાં રાખી છે.**

**ગુજરાતના એક દિવસના પ્રવાસે પહોંચેલા શ્રી મોદીએ વાવ થરાદ ખાતે કેન્દ્ર સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને ધોરીમાર્ગ તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 921 કરોડના તેમજ રાજ્ય સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના 8 હજાર 886 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**

**અગાઉ શ્રી મોદીએ ગઈકાલે અમદાવાદના સાણંદમાં કેન્સ સેમિકોનના OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. જ્યારે સવારે ગાંધીનગરના કોબા ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.**

---------------------------------------------------------------------------------------------------

## આજથી મુખ્ય નાણાંકીય નિયમોમાં ફેરફાર અમલી :

નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે, આજથી મુખ્ય નાણાકીય નિયમોમાં ફેરફાર સહિત અનેક સુધારાઓ અમલમાં આવશે.

છ દાયકાથી વધુ જૂના કાયદાના સ્થાને નવો આવકવેરા કાયદો, 2025 આજથી અમલી બનશે. જે જટિલ નિયમોને સુવ્યવસ્થિત કરી કરદાતાઓ માટે કાયદાના અનુપાલનને વધુ સરળ બનાવવાની સાથે કર પ્રણાલીને પણ સરળ બનાવશે.

ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશ મુજબ, દેશમાં તમામ ડિજિટલ ચુકવણી વ્યવહારો માટે આજથી બે-પરિબળ પ્રમાણીકરણના ધોરણોને પૂર્ણ કરવાની જરૂર પડશે. નાણાકીય વર્ષ 2026-27 માટે સુધારેલી FASTag વાર્ષિક પાસ ફી પણ આજથી અમલમાં આવશે. કાયમી ખાતા નંબર PAN કાર્ડ માટે અરજી કરવા અથવા અપડેટ કરવા માટેના સુધારેલા નિયમો પણ અમલી બનશે.

---

## PNG- અભિયાન 30 જુન સુધી લંબાવાયુ:

સરકારે દેશભરમાં PNG વિસ્તરણમાં ગતિ જાળવી રાખવા માટે રાષ્ટ્રીય PNG અભિયાનને ને 30 જૂન 2026 સુધી લંબાવ્યુ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે માર્ચ મહિના દરમિયાન, ઘરેલુ, વાણિજ્યિક, છાત્રાલય, મેસ અને કેન્ટીન સહિત 3.1 લાખથી વધુ જોડાણોનું ગેસિફાઇડ કરવામાં આવ્યું છે. વધુમાં 2.7 લાખથી વધુ નવા જોડાણો આપવામાં આવ્યા છે અને તેમને ગેસિફાઇડ કરવામાં આવી રહ્યા છે.

સરકારે વધુમાં ખાતરી આપી હતી કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGનો પૂરતો સ્ટોક છે. અફવાઓને કાબુમાં લેવા માટે, તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રેસ બ્રીફિંગ દ્વારા સાચી માહિતી પ્રસારિત કરવા વિનંતી કરી છે.

---

## 1207 કરોડ 45 લાખના વિકાસ કામોને મંજુરી મળતા સાંસદે આભાર માન્યો:

કેન્દ્ર સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાજ્યમાં એનએચ-41 220 કિ.મી.થી વધુ નલિયા-નારાયણ સરોવર પેવ્ઢ શોલ્ડર બે લેનનું અપગ્રેડેશન રૂા. 508 કરોડ 67 લાખ અને નેશનલ હાઇવે નં. 927-સી ચિત્રોડ-રાપર-બાલાસરનું રૂા. 698 કરોડ 78 લાખથી વધુના ખર્ચે 58 કિ.મી.થી વધુ પેવ્ઢ શોલ્ડર સાથે બે લેન બનાવવાની મંજૂરી મળી છે. સાંસદ વિનોદભાઇ ચાવડાએ કુલ રૂા. 1207 કરોડ 45 લાખના કામોને મંજૂરી મળતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી કચ્છના બાકીના ભાગ સાથે જોડાણ સુધરાશે અને મુખ્ય ખનિજ મીઠા ઉદ્યોગ માટે અવર-જવર સરળ બનશે, જે આર્થિક વિકાસમાં ફાળો આપશે. ઉપરાંત ટ્રાફિકમાં ઘટાડો, માર્ગ સલામતીમાં સુધારો, વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો, ઇંધણ કાર્યક્ષમતામાં સુધારો તેમજ પ્રવાસન, સીમા સુરક્ષા અને આર્થિક વિકાસને વેગ મળશે.

--------------------------------------------------------------------------------------------

## હાટકેશ જયંતી:

નાગર જ્ઞાતિના ઇષ્ટદેવ હાટકેશ્વર મહાદેવના પાટોત્સવની આજે જિલ્લાભરમાં પરંપરાગત ઉજવણી થઈ રહી છે. ભુજમાં ઉપલી પાળ રોડ પર આવેલ હાટકેશ્વર મંદિરમાં આજે સવારે લઘુરુદ્ર, હવન, સમૂહ જનોઈ, મહાઆરતીના કાર્યક્રમો યોજાશે. એ સાથે શોભા યાત્રા પણ યોજાશે. ગઈરાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ભુજ ઉપરાંત અંજાર, ગાંધીધામ,માંડવી,મુન્દ્રા અને છેવાડે આવેલ લખપતના હાટકેશ મંદિરોમાં પૂજન આરતી વિગેરે કાર્યક્રમો તથા દીપમાળા વગેરેનું આયોજન થશે.

--------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

આઈ.પી એલની ચોથી મેચમા પંજાબ કિંગ્સ ટીમે ભારે રસાકસી વચ્ચે ગુજરાત ટાઇટન્સને ત્રણ વિકેટ હરાવી પ્રથમ જીત મેળવી છે. ગુજરાતની ટીમના છ વિકેટે **162** રનના જવાબમાં પંજાબની ટીમે સાત વિકેટે **165** રન કરી મેચ જીતી લીધી હતી. કૂપર કોનોલી **72** રન કરી નોટ આઉટ રહ્યા હતા. ગુજરાત ટાઇટન્સની ટીમે **6** વિકેટે **162** રન કર્યા હતા. સુકાની શુભમન ગિલે **39** અને જોસ બટલરે **38** રન કર્યા હતા. ગુજરાતની ટીમના પ્રસિદ્ધ કૃષ્ણાએ સહુથી વધુ **3** વિકેટ ઝડપી હતી.

**-----------------------------------------------------------------------------------------------**